# શ્રી ભગવાન મહાવીર સ્વામી

## નું શાસન

# સુપાત્ર કે અસદ્ગુરૂ ?

| જ્ઞાન સહિતની ક્રિયા, સમજણ સાથેની ભક્તિ, ઉપયોગપૂર્વકનું ધ્યાન, અંતરમુખીપણાનું કારણ (અનંતમાંથી અલ્પ ભવમાં જવાનું કારણ) | જ્ઞાન રહિતની ક્રિયા, સમજણ વગરની ભક્તિ, ભાન વગરનું ધ્યાન, બહિર્મુખીપણાનું કારણ (અનંતમાંથી અનંત ભવમાં જવાનું કારણ) |
|---|---|

**જૈનો જાગો** રમેશ વૈજાણી
લેખાંક : ૧૯

**લેખાંકો ૧ થી ૫૮, તા. ૫-૧-૨૦૦૦ થી પુનઃ મુદ્રણ**

આપણે આગળના લેખાંકમાં અસદ્ગુરુ (કુગુરૂ) બનવાની પૂર્વભૂમિકા વિચારી. બીજા ક્રમ પછી જીવ ત્રીજા ક્રમનાં પુરૂષાર્થમાં જાય તો સાધક બને (અલ્પ ભવ) અને પુરૂષાર્થને બદલે પ્રવચનમાં જાય તો અસદ્ગુરૂ બનવાનું કારણ બને (અનંત ભવભ્રમણ) અને આ અવસ્થા સાધુપણામાં અને શ્રાવકપણામાં બન્નેમાં બની શકે. શ્રાવકપણામાં અસદ્ગુરૂ બનવાના યોગ ઘણા ઓછા હોય છે. (ત્યાગ ન હોવાથી બાળજીવ આકર્ષાતા નથી.)

અસદ્ગુરૂનું પ્રગટ લક્ષણ : સર્વ જ્ઞાની પુરૂષોનો બાળજીવોને એક જ બોધ કે 'સદ્ગુરૂને શોધી લે, સદ્ગુરૂને આશ્રયે જા અને સદ્ગુરૂને આરાધી લે'. અને સદ્ગુરૂને આરાધવાનું ફળ સહજ સ્વરૂપે મુક્તિ. આ પ્રકારે સર્વ સદ્ગુરૂનો અભિપ્રાય હોય છે. અને આ અભિપ્રાય એટલો બળવાન હોય છે કે પ્રત્યક્ષ સદ્ગુરૂની હાજરી વખતે એમના આશ્રયે આવેલા સાધકોને પણ એક સદ્ગુરૂને શરણે જવાનું કહે છે. (સદ્ગુરૂ પોતાને સદ્ગુરૂ ગણતા નથી પણ સાધકોને સદ્ગુરૂ શોધવાનું કહે છે.) આ સદ્ગુરૂનું પ્રમુખ અને

> *** સત્સંગ ***
> **બાળજીવોને નિર્ભયતાપૂર્વક જીવડાવે તે સદ્ગુરૂ**
> **બાળજીવોને ભયભીરૂ બનાવીને જીવડાવે તે અસદ્ગુરૂ**

બળવાન પ્રગટ લક્ષણ હોય છે. આવી રીતે આગળના સમયમાં (નજીકના સમયમાં) થયેલા જ્ઞાની પુરૂષનો સદ્ગુરૂ વિશેનો અભિપ્રાય અસદ્ગુરૂ પકડી લે છે અને પોતાની સમજણ અનુસાર, સંજોગ અનુસાર અને મતિજ્ઞાન, વાણી અનુસાર સદ્ગુરૂનો મહિમા ગાતા ગાતા બાળજીવો પાસે પોતે સદ્ગુરૂ (અસદ્ગુરૂ) બની જાય છે. અને આ અસદ્ગુરૂઓ કાં જ્ઞાનમાર્ગના અથવા યોગમાર્ગનાં અથવા ભક્તિમાર્ગના માર્ગે મોક્ષમાર્ગી બનાવવાની, બાળજીવોને મોક્ષના અધિકારી બનાવવાની ચેષ્ટા કરે છે. આ અસદ્ગુરૂઓ જ્ઞાનમાર્ગની પૂર્વમાં થયેલા જ્ઞાનીઓના લખાણનું (પુસ્તક સ્વરૂપે અથવા પત્રાંક સ્વરૂપે) વાંચન કરે છે, પોતાની મતિજ્ઞાનની તિક્ષ્ણતાએ એનું વિશ્લેષણ કરે છે. અને બાળજીવોને પોતાના અભિપ્રાયમાં લઈ જાય છે. અને બાળજીવોનો આધ્યાત્મિક વિકાસને અટકાવે છે. બાળજીવોને અંતરમાંથી

> **સર્વ સદ્ગુરૂઓનો બાળજીવોને એક જ બોધ**
> **''એક સદ્ગુરૂને શોધી લે''.**
> **સર્વ અસદ્ગુરૂઓનો બાળજીવોને એક જ બોધ**
> **''અમારા શરણે આવી જા''.**

ઉગવા દેતા નથી અને બાળજીવોના ગુણો અવરોધવાનું કાર્ય અસદ્ગુરૂ કરે છે. જ્યારે જ્ઞાની પુરૂષોની એવી સમજણ હોય છે કે સાધકને પોતાના વિચારો ઉગવા દેવા જોઈએ, **કોઈપણ લખાણમાં લખાણની નીચે લાઈન દોરવાની પણ મનાઈ કરે છે** અને જો લાઈન કરે તો બાળજીવ પોતાની લાયકાત હોય યા ન હોય પણ બીજાના અભિપ્રાયમાં દોરવાઈ જાય છે. (લાઈનનાં કારણે બાળજીવને વિશિષ્ટતા લાગવાથી મતિજ્ઞાનનો ઉપયોગ કરે છે અને જો લાઈન ન હોય

તો બાળજીવ ત્યાં અટકીને વિચારે તો ગુણ પ્રગટ થવાનું કારણ બને છે.)

જ્ઞાનમાર્ગમાં શાસ્ત્રના સાર સ્વરૂપ સદ્ગુરૂ હોય છે અને મૌલિકપણે મોક્ષમાર્ગ પ્રકાશીત કરે છે, તેમાં પૂર્વમાં થયેલા જ્ઞાની પુરૂષોના અવતરણો બાળજીવોના ઉપકારીપણા અર્થે સદ્ગુરૂ આધાર રૂપે આપે છે. જ્ઞાનમાર્ગમાં પોતે બની બેઠેલા સદ્ગુરૂ (અસદ્ગુરૂ) જો લખાણ વાંચીને મોક્ષની વાતો કરે તો તે સુપાત્ર ગણાય અથવા ઉપાધ્યાયજી ગણાય અને તેમના તરફ આદરપૂર્વક અને વિનય-વિવેક સાથે વર્તવું જોઈએ, પણ તેને સદ્ગુરૂ ગણીને અટકવું ન જોઈએ અને જો જીવ સદ્ગુરૂ સમજીને અટકી જાય તો (સત્યની ઝુરણાંનો અભાવ થાય) સદ્ગુરૂને શોધવાનું જીવને માટે અશક્ય બની જાય.

સદ્ગુરૂના વિશેષણો જેવા કે શ્રીમદ્, શ્રી પ્રભુપાદ, કૃપાળુ દેવ, કરૂણાના સાગર, દીનદુઃખીયાના આધાર, મહર્ષિ વિગેરે સદ્ગુરૂના સાધકોના હૃદયકમળમાંથી ઉગેલા અહોભાવયુક્ત વચનો (વિશેષણો) હોય છે. અસદ્ગુરૂને સંસારી જીવો પાસેથી વિશેષણો લગાડવા પડે છે જેવા કે પ્રવચનકાર, વાચસ્પતિ અથવા રાજ્યશાસિત અપાતી માનદ્ પદવીઓ, ઉપાધિઓ વિગેરે મેળવીને પોતાની જાતનું ગૌરવ માને છે અને જગત સામે પોતાને મહાન બતાવવાની ચેષ્ટા કરે છે. (બી.એ., એમ.એ. અથવા પી.એચ.ડી. વિગેરે ડીગ્રીની સદ્ગુરૂને શું જરૂર છે ?) અસદ્ગુરૂઓ આવી સાંસારીક ડીગ્રીઓ બાળજીવોની સામે બતાવીને બાળજીવોને અહોભાવમાં લઈ જવાની

ચેષ્ટા કરે છે અને બાળજીવોમાં પોતાનું સદ્ગુરૂ સ્વરૂપે સ્થાપન કરે છે.

ઘણા અસદ્ગુરૂઓ બાળજીવો પાસેથી, બાળજીવોના ભાવો જાણીને બાળજીવોને તેની અંતરદશા કહેવાની જે ચેષ્ટા કરે છે તે અસદ્ગુરૂનું પ્રગટ લક્ષણ અને મોટા ભાગનો વાણીવિલાસ હોય છે. વાણીમાં સત્ય ઓછું અને સમજાવટ વધારે હોય છે.

હવે બીજા પ્રકારના મોક્ષમાર્ગની યોગમાર્ગથી વિચારણા કરીએ. મોક્ષમાર્ગમાં આ ત્રણ પ્રકારમાં યોગમાર્ગ બહુ જ ઝડપી માર્ગ ગણાય અને યોગના કારણે પૂર્વમાં બાંધેલા અનંત કર્મોનો ક્ષય કરવાનું સામર્થ્ય યોગમાર્ગમાં છે. યોગમાર્ગની પૂર્વભૂમિકાની (યોગમાર્ગમાં પ્રવેશવાની) શરૂઆત માર્ગાનુસારીપણા પછી જ થાય છે. માર્ગાનુસારી પહેલા યોગમાર્ગ શરૂ થતો જ નથી. યોગમાર્ગ શરૂ થતા

> **ભક્તિગીતોના રાગ મેળવવાથી ભાવ ન આવે,**
> **પણ**
> **ભક્તિગીતોમાં ભાવ લાવવાથી રાગ સહજ આવે.**

પહેલા બાળજીવમાં પાંચ ઈન્દ્રિયોના વિકાર, ચાર કષાય અને રાગ-દ્વેષ અને અજ્ઞાન ટાળવાનું ઘણા અંશે મંદ કરવાની સમજણ કેળવીને પુરૂષાર્થથી કરવાના હોય છે (દેહ અને આત્માની ભિન્નતા બળવાનપણે સમજણમાં લાવવાની હોય છે). આ પ્રકારના બાર દોષોનું મંદપણું કર્યા પછી યોગમાર્ગ શરૂ થાય છે. અને તે યોગમાર્ગના ફળ સ્વરૂપે સદ્ગુરૂના શરણે અને ભક્તિના અને શ્રધ્ધાના બળે જીવને સમકિતની પ્રાપ્તિ થાય છે. અને જો બાર દોષોના નિવારણ વગર જે ધ્યાન અને યોગમાં લઈ જાય તેને અસદ્ગુરૂ કહેવાય. અને આવા અસદ્ગુરૂ પૂર્વમાં થયેલા જ્ઞાની પુરૂષોના વચનની (લખાણની) ઉપેક્ષા કરે છે. (બાર દોષોના નિવારણ વગર ધ્યાનને જ્ઞાની પુરૂષોએ તરંગ કહેલ છે) અને ધ્યાનમાં બાળજીવો જે સંકલ્પ સાથે બેસે છે એ સંકલ્પને ધ્યાનમાં કલ્પના સ્વરૂપે જોવે છે. અને એવી કલ્પનાઓમાં જીવો શ્રી સિમંધરસ્વામીનું સમવસરણ, સિધ્ધ પરમાત્માનું સિધ્ધ ક્ષેત્ર અથવા

ભ્રમિતપણે આત્માના દર્શનની વાતો કરે છે (સૂર્ય, ચંદ્ર અને તારા). અને આવી રીતે યોગમાર્ગમાં મોક્ષમાર્ગથી ચલિત થઈને યોગભ્રષ્ટ થાય છે. અને આવી રીતે મોક્ષમાર્ગમાં જીવ ભાવે માર્ગાનુસારી થયા પહેલા જે યોગમાર્ગ શરૂ કરાવે તે અસદ્ગુરૂ કહેવાય.

હવે ત્રીજા પ્રકારે ભક્તિ માર્ગે મોક્ષમાર્ગ અત્યંત સરળ છે. મોક્ષમાર્ગમાં ભક્તિમાર્ગથી પડવાનું કોઈ કારણ નથી. માર્ગ ધીમી ગતિનો છે પણ સરળ છે. ભક્તિમાર્ગમાં બાળજીવે ભક્તિને શ્રેષ્ઠ માનવી

> *** સત્સંગનું ફળ ***
> **પરમાત્માનો પરિચય, પરમાત્માનું પૂજન અને**
> **પરમાત્માનું પ્રિયપણું કરાવે અને પ્રભુમય જીવન બનાવીને**
> **પ્રભુ પ્રભુ પ્રભુ કરાવે તે સત્સંગનું ફળ**

જોઈએ અને બાર દોષોની મંદતા અર્થે જીવ ભક્તિ કરે છે એવી બળવાનપણે સમજણ કેળવીને ભક્તિ કરવાની હોય છે. એક ભક્તિ ગીત ગાય, અનેક સાંભળે એને ભક્તિ માર્ગ ન કહેવાય. એક ગાય અને અનેક સાંભળે તો બાળજીવોને શાંતી મળે પણ જો બાળજીવ પોતે ભક્તિ ગીતો ગાય તો ગાનારમાં ગુણો પ્રગટ થાય અને મોક્ષમાર્ગમાં ગુણો પ્રગટાવવાના હોય છે, શાંતી સહજ પ્રાપ્ત થાય છે. ભક્તિ ગીતો સમજણપૂર્વક લક્ષસહીત અને આત્મિક ગુણો પ્રગટાવવા માટે હોય છે. પણ અસદ્ગુરૂ ભાવ(ગુણ)ના બદલે રાગ ઉપર જાય છે. રાગ એ લોકાર્થે ભક્તિ કહેવાય અને ગુણો સહીતની ભક્તિ આત્માર્થે ગણાય. ભક્તિમાર્ગમાં ભક્તિ ગીતો સાંભળવાથી શાંતી મળે અને ગાવાથી ગુણો પ્રગટ થાય. સર્વ જ્ઞાની પુરૂષોના ભક્તિગીતોને સમજણપૂર્વક ગાવા અને મનન કરીને જીવનમાં ઉતારવાથી જીવ મોક્ષમાર્ગમાં પ્રવેશી શકે છે અને આગળ વધી શકે છે.

આ રીતે મોક્ષમાર્ગમા ચાલવાની ત્રણ રીત છે. અને સમયે સમયે જીવો આમાંથી કોઈપણ રીતે મોક્ષમાર્ગમાં ચાલે છે. આ ત્રણે રીતોમાં બાર દોષોનું નિવારણ મુખ્યે હોય છે અને અસદ્ગુરૂ બાર દોષોના નિવારણની

ઉપેક્ષા કરીને પોતે પોતાની રીતે બાળજીવોને ભ્રમિત કરીને મોક્ષમાર્ગ સમજાવે છે.

અસદ્ગુરૂને સમુહથી (ટોળાથી) માન મેળવવાની વૃત્તિ હોય છે અને બાળજીવોનું માન પોષે છે અને બાળજીવોને આગ્રહપૂર્વક બીજા જીવોને લાવવાનું જણાવે છે અને કહે છે કે તમે પામ્યા અને બીજા જીવોને પમાડો અને અસદ્ગુરૂ સમકિતની, ક્ષાયિક સમકિતની વહેંચણી કરે છે (પ્રભાવના કરે છે) અને બાળજીવોને ભય પમાડે છે કે તમે બીજે જશો તો ડુબી જશો, અમારા આશ્રયે રહેશો તો તરી જશો. આવા પ્રકારે જીવને ભયભીરૂ બનાવે છે અને અસદ્ગુરૂ બાળજીવો પાસેથી શ્રધ્ધા અને ભક્તિના નામે આદર-સત્કાર, માન અને અહંકારને પોષે છે. અસદ્ગુરૂ પોતાનો ભવ બગાડે છે અને બાળજીવોને ભવભ્રમણમાં ભટકાવે છે અને ઘણા બાળજીવો એ ભવમાં જ અસદ્ગુરૂ બની જાય છે અને ઘણા બાળજીવો ભાવી ભવમાં અસદ્ગુરૂપણું ધારણ કરે છે (અસદ્ગુરૂના અવગુણના કારણે) અને અસદ્ગુરૂ ક્યારેય બાળજીવોને સદ્ગુરૂના છત્રીસ ગુણોની સમજણ આપતા નથી અને બાળજીવો ક્યારેક પુછે તો અવિનય ન કરાય એવી સમજણ આપીને ચૂપ કરે છે. અને આ અસદ્ગુરૂઓએ પોતે કાંઈ પુરૂષાર્થ કરેલો હોતો નથી અને સાથે પોતાનો સંસારભાવ, વ્યવહાર સુખ (દેહ સુખ) અને સુખ ભાવને સાચવીને બેઠેલા હોય છે અને બાળજીવોને ઉદયકર્મના નામે ચૂપ કરે છે. જ્યારે સદ્ગુરૂઓ અનુકુળતામાં પુરૂષાર્થ કરતા હોય છે અને પ્રતિકુળતામાં ઉદયકર્મ માને છે. (અસદ્ગુરૂ સુખમાં ઉદયકર્મ લાવે છે અને સદ્ગુરૂ દુઃખમાં ઉદયકર્મ લાવે છે) આવા પ્રકારે અસદ્ગુરૂ બાળજીવોને છેતરે છે અને બાળજીવો કાંઈપણ કર્યા વગર સમકિતની પ્રાપ્તિ અર્થે છેતરાય છે (ભ્રમિતપણું). બાળજીવોએ અસદ્ગુરૂમાં ન છેતરાવા માટે એક વખત હિંમતપૂર્વક પુછવું જોઈએ કે આપ સદ્ગુરૂ છો ? કે સુપાત્ર છો? અને શાસ્ત્રમાં બતાવ્યા પ્રમાણેની સદ્ગુરૂની અવસ્થા આપને પ્રાપ્ત થઈ છે કે નહીં ? તે પરમાત્માને માથે રાખીને જણાવો.

**અસદ્ગુરૂને સુપાત્ર સમજવામાં દોષ નથી, પણ સુપાત્રને સદ્ગુરૂ સમજવામાં જીવને મોટો દોષ પડે છે. 'બાળજીવના જીવનમાં સુપાત્ર અનેક હોય, સદ્ગુરૂ એક જ હોય.'** અને અસદ્ગુરૂના વિશેષ લક્ષણો યોગે કરીને ભાવી લેખાંકમાં વિચારશું.

**આનંદ આનંદ આનંદ**

> આ આખી સમજણ લખનાર જીવે શ્રી મહાવીર ભગવાનને માથે રાખીને, શાસનદેવીની સાક્ષીભાવે અને સમકિતી દેવ-દેવીઓના હાજરભાવે કોઈપણ પ્રકારના દુર્ભાવ રહિત, કોઈપણ પ્રકારના દ્વેષબુધ્ધિથી રહિત અને કોઈપણ પ્રકારની સ્વાર્થબુધ્ધિ રહિત આપેલ છે. અને આમાં કોઈપણ પ્રકારનો દોષ ભળ્યો હોય તો આ લખનારને મિથ્યાત્વનો દોષ લાગે. અને આ બાબતની કોઈપણ ચર્ચા-વિચારણા શ્રાવકોએ ધર્માચાર્યો પાસે જઈને કરવી અને જાણકારી મેળવી, લખનાર પ્રત્યે અભાવ ન કરવો.